જીરવાનથી

ક્રમાંક: જી-૧(ક્રાઇમ)/એકશનપ્લાન/પરચ - ૨૦૦/૦૯ / ૩૬૭૨

**પોલીસ મહાનિદેશક અને**
**મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,**
**ગુજરાત રાજય, પોલીસ ભવન,**
**સેકટર-૧૮, ગાંધીનગર-૩૮૨ ૦૧૮**

તા. ૩૧/૮/૨૦૦૯

**<u>સ્થાયી હુકમ નં. ૮/૦૯</u>**

**મિલકત સબંધી ગુનાઓ ઉપર અંકુશ રાખવા માટેનો એકશન પ્લાન**

મિલકત વિરૂધ્ધની ગુનાહિત પ્રવૃત્તિને અંકુશમાં લેવા માટે રાજયમાં એક એકશન પ્લાન અમલમાં મૂકવામાં આવે છે. તે એકશન પ્લાનનો અમલ તા. ૧-૯-૨૦૦૯ થી શરૂ કરવામાં આવશે.

(૧) દરેક કમિશનરેટ/જિલ્લાએ પોતાના વિસ્તારના મિલકત સબંધી ગુનાઓમાં સક્રિય ગુનેગારોના અત્રેની કચેરીના સ્થાયી હુકમ ક્રમાંક: ૭/૦૯, તા.૨૫/૮/૨૦૦૯ મુજબનું લીસ્ટ તૈયાર કરવાનું રહેશે.

(૨) સક્રિય ગુનેગારોના લીસ્ટ પૈકીના આરોપીઓ હાલ જેલમાં પણ હોઇ શકે કે નાસતા-ફરતા પણ હોઇ શકે. તે આરોપીનું ચેકિંગ કરાવી જે નાસતા-ફરતા હોય તેવાઓને પકડી પાડવા તજવીજ કરવાની રહેશે. જે આરોપીઓ જેલમાં હોય તે જામીન પર ન છૂટે તેને માટે સરકારી વકીલશ્રીના સંપર્કમાં રહી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૩) જે સક્રિય ગુનેગારો જેલ બહાર હોય તેના વિરૂધ્ધ અટકાયતી પગલાં પાસા, તડીપાર/સીઆરપીસી-૧૧૦ પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે. જે આરોપીઓના કેસો કોર્ટમાં ચાલતા હોય અને કોર્ટમાં હાજર ન રહેતા હોય તેની વિરૂધ્ધ નોન બેલેબલ વોરંટો મેળવીને બજવણી કરી જેલમાં મૂકવાની કાર્યવાહી કરવાની રહેશે તથા ત્યારબાદ ફરીથી જામીન ઉપર ના છૂટે તેને માટે તેમની વિરૂધ્ધ દાખલ થયેલા તમામ ગુનાઓ, પુરાવાઓનો ઇતિહાસ બતાવી સરકારી વકીલશ્રીના સંપર્કમાં રહી જરૂરી એફીડેવીટ કરાવવાની રહેશે.

(૪) અમુક આરોપીઓ બોગસ જામીન આપીને છૂટેલા હોય છે તો તે પણ શોધી કાઢી આઇ.પી.સી. ની કલમ ૪૬૭ વિગેરે મુજબ ફોર્જરી નો ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે.

(૫) પોતપોતાના વિસ્તારોમાં જાણીતા બોગસ જામીન કરવાવાળા ઇસમોનું લીસ્ટ તૈયાર કરી કેસોની વિગતો સાથે પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધીક્ષકશ્રીએ પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ અને સેશન્સ જજશ્રી અને સરકારી વકીલશ્રીઓને મોકલવાનું રહેશે. આવા ગુનેગારોને પકડાયેથી સઘન પૂછપરછ કરી ફોર્જરીના બીજા ગુના પણ શોધી કાઢવા તજવીજ કરવાની રહેશે.

(૬) પોતપોતાના એમ.સી.આર. કાર્ડના ઇસમોની અત્રેની કચેરીના સ્થાયી હુકમ ક્રમાંક: ૭/૦૯ મુજબ સંપૂર્ણપણે ચેકિંગ કરાવવાનું રહેશે. સક્રિય ગુનેગાર વિરૂધ્ધ ઉપર જણાવ્યા પ્રમાણે તમામ પગલાં લેવાનાં રહેશે.

ખાસ કરીને નજર બહાર એમ.સી.આર. કાર્ડવાળા આરોપીઓને શોધી કાઢી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૭) એફ.એસ.એલ. ના ફિંગર પ્રિન્ટ બ્યુરોમાં ગુજરાત રાજયના તમામ મિલકત સબંધી ગુનેગારોના ફિંગર પ્રિન્ટનો ડેટા ભેગો કરવામાં આવેલ છે. તેમાં તમામ એમ.સી.આર. કાર્ડવાળા ઇસમોનું ફિંગર પ્રિન્ટ નાખવાની વ્યવસ્થા કરવાની છે. જેથી જે એમ.સી.આર. કાર્ડ સેન્ટ્રલ ડેટા બેઇઝ નાખવાના બાકી હોય તે કાર્યવાહી તાત્કાલિક પૂર્ણ કરાવવી. એમ.સી.આર. કાર્ડવાળા સક્રિય ગુનેગારોના ફિંગર પ્રિન્ટ નાખવાની કામગીરીને અગ્રતા આપવી.

(૮) દરેક કમિશનરેટ/જિલ્લામાં અમુક વિસ્તારો એવા છે જયાં મિલકત સબંધી ગુનેગારો વધારે સંખ્યામાં રહે છે. તેવા વિસ્તારોમાં અવાર નવાર કોમ્બીંગ ગોઠવવાની વ્યવસ્થા કરવાની રહેશે. તે કોમ્બીંગનું આયોજન વધારાના ફોર્સ સાથે ઓછામાં ઓછા એસ.પી./ડીસીપી કક્ષાએ કરવાનું રહેશે.

દા. ત. દાહોદ જિલ્લાના દાહોદ તાલુકો, ગરબાડા તાલુકો તથા ધાનપુર તાલુકામાં ઘણા મિલકત સબંધી ગુનેગારો રહે છે. તો તે માટે સક્રિય ગુનેગારોનું લીસ્ટ તૈયાર કરી કોમ્બીંગની વ્યવસ્થા કરવાની રહેશે.

તે જ રીતે ચીકલીકર સરદારજી, વેડવા વાઘરી, નટ ના રહેઠાણના વિસ્તારોમાં પણ આ જ કાર્યવાહી કરવાની રહેશે. તે જ રીતે ગુજરાત રાજયને અડીને આવેલ રાજયના જિલ્લાઓ જેવા કે, જાંબુઆ (મધ્યપ્રદેશ), ડુંગરપુર (રાજસ્થાન), ઉદેપુર (રાજસ્થાન) વિગેરે જિલ્લાના પોલીસ અધિકારીઓ સાથે સંપર્ક કરી સક્રિય ગુનેગારો માટે સંયુકત કોમ્બીંગ કરવાની વ્યવસ્થા કરવી.

(૯) અસરગ્રસ્ત વિસ્તારોમાં વધારે પોલીસ ગોઠવવાથી બનાવો બનતા અટકાવી શકાય છે તથા ગુનેગારોને પકડાઇ જવાની શકયતા રહે છે. જેથી જરૂરીયાત પ્રમાણે પોતપોતાના વિસ્તારોમાં નાકાબંધી/પોઇન્ટો ગોઠવવા. એસ.ટી. સ્ટેન્ડ, મોટા પુલો, હાઇવે વિગેરેને આવરી લઇ પોઇન્ટોની ગોઠવણ કરવાની રહેશે. અંધારી રાતના સમયગાળા દરમિયાન શનિવાર/રવિવાર અને તહેવારના સમયમાં નાઇટ ચેકિંગ વધારે સઘન બનાવવું, પોલીસના તમામ વાહનો સર્ચ લાઇટ લગાડવામાં આવી છે કે કેમ? તેની ખાતરી કરવી. પોતપોતાના વિસ્તારોમાં આવેલ નાઇટ રાઉન્ડ દરમિયાન હોટલો/ગેસ્ટ હાઉસનું સઘન ચેકિંગ કરાવવું.

(૧૦) પોતપોતાના વિસ્તારોમાં રીસીવર ઓફ સ્ટોલન પ્રોપર્ટીનું લીસ્ટ અદ્યતન તૈયાર કરાવી અને તેના ઉપર વોચ રાખી ગુના શોધી કાઢવા તજવીજ કરવી. તેના વિરૂધ્ધ પણ જરૂરી અટકાયતી પગલાં લેવા તથા આઇ.પી.સી. કલમ ૪૧૧, ૪૧૨, ૪૧૩, ૪૧૪ પ્રમાણે પણ કાર્યવાહી કરવી.

(૧૧) ચોરાયેલી મિલકત રાખનાર વિરૂધ્ધ નોખી ફરીયાદ દાખલ કરવી. માસિક ક્રાઇમ રિવ્યુ જોતાં મોટાભાગના જિલ્લાઓમાં ચોરાયેલી મિલકત રાખનાર વિરૂધ્ધના કોલમમાં 'શૂન્ય' જોવામાં આવે છે. એટલે કે મોટા ભાગના જિલ્લાઓ નોંખી ફરીયાદ દાખલ કરતા નથી. રિસીવર વિરૂધ્ધ કડક પગલાં લેવાથી ચોરીની પ્રવૃતિ ઓછી થાય છે. જેથી તપાસ કરનાર સ્ટેટ વતી ફરીયાદ દાખલ કરશે અને તેમાં નીચે મુજબના મુદ્દાની ચર્ચા એફ.આઇ.આર. માં કરશે.

(i) ચોરનું નિવેદન. રિસીવર વિરૂધ્ધની નોખી ફરીયાદમાં ચોરનું નિવેદન પુરાવા તરીકે ગ્રાહય છે.

(ii) રિસીવર પાસેથી ભૂતકાળમાં અન્ય ગુનાઓમાં રિકવર કરેલ ચોરાયેલી મિલકતની વિગતો.

(iii) રિસીવરે માર્કેટ ભાવ કરતા ઘણી ઓછી કિંમતે ખરીદ કરેલ તેની વિગત.

(iv) રિસીવરે બીલ/દસ્તાવેજ બનાવ્યા વગર અને રજિસ્ટરમાં એન્ટ્રી કર્યા વગર ખરીદી કરેલ તેની વિગત.

(v) જે તે કેસ આધારે મેળવેલ અન્ય પુરાવા.

(૧૨) દાહોદ જિલ્લાના દાહોદ, તાલુકા, ગરબાડા તાલુકા તથા ધાનપુર તાલુકાના તેમજ જાંબુઆ જિલ્લાના ઘરફોડ ચોર ગુજરાત રાજયમાં ગુનાઓ કરે છે. તેઓ મજૂર તરીકે ગુજરાતના જુદાજુદા વિસ્તારોમાં જયાં કન્સ્ટ્રકશન કામ ચાલતું હોય ત્યાં મજૂર તરીકે કામ કરતા હોય છે. ગુનો કર્યા પછી એસ.ટી. બસો મારફતે ગામડે પરત જતા રહેતા હોય છે. જે તે વિસ્તારમાં રહેતા આવા મજૂરોનું સઘન ચેકિંગ કરવાની રહેશે તથા તેઓની ફોટોગ્રાફી કરાવવાની રહેશે. "બી" રોલ ભરવાનો રહેશે.

(૧૩) ડુંગરપુર, બાંસવાડા તથા ઉદેપુર જિલ્લાના ઘરઘાટી/રામાઓ બંગલા/ મકાન/ ફલેટ/દુકાન/શોપીંગ સેન્ટરોમાં કામ કરતા હોય છે જે પૈકી ગુનાહિત પ્રવૃત્તિ ધરાવતા રામાઓ મોકો મળ્યે ચોરી/ઘરફોડ કરી પરત વતનમાં જતા રહેતા હોય છે. જે તે પોલીસ સ્ટેશન વિસ્તારના ઘરઘાટી/રામાઓનું ચેકિંગ કરવું, તેમની ફોટોગ્રાફી કરી રેકર્ડ તૈયાર કરવું.

(૧૪) સોસાયટી વિસ્તાર/શોપીંગ વિસ્તાર/રેસ્ટોરન્ટમાં ચોકીદાર/વોચમેન/સિકયોરીટીમેન હોય તેઓને વધારે સક્રિય કરવા. જે જગ્યાએ વોચમેન ન હોય તેવા વિસ્તારોમાં વોચમેન ગોઠવવા માટે સૂચન કરવું. વોચમેનોને વધારે સક્રિય કરવાથી ગુનાઓ અટકાવવાની તથા શોધવાની માહિતી પણ મળવાની શકયતા રહેલી છે.

(૧૫) બેંકો/સોના-ચાંદીના શો-રૂમ/મોટા શોપીંગ મોલ વગેરે સ્થળોએ વધુને વધુ સી.સી.ટીવી ગોઠવવાની જરૂર છે. છારા લોકો બેંકો ઉપર વોચ કરી બેન્કમાંથી નીકળતી વ્યકિતઓનો પીછો કરી જુદીજુદી તરકીબો જેવી કે નાણા લઇ જતી વ્યકિતના કપડા ઉપર મેલું ફેંકવું, સ્કુટર બગાડી બેધ્યાન કરી સ્કુટરની ડેકી કે હાથમાંથી નાણાની બેગ લઇ જતા રહેતા હોય છે. તમામ બેંકો તથા સોના-ચાંદીની દુકાનોમાં સી.સી. ટીવી ગોઠવવાથી ગુનેગારોની માહિતી મળવાની શકયતા રહેશે. જેથી જે તે વિસ્તારની બેન્કોના મેનેજરો, સોના-ચાંદીની દુકાનો અને શોપીંગ મોલના માલિકોનો સંપર્ક કરી સી.સી. ટીવી ગોઠવવાની કાર્યવાહી કરાવવી.

(૧૬) ગુજરાત રાજયમાં ઘણી સિકયુરીટી એજન્સીઓ કાર્યરત છે. તે પૈકી કુલ ૩૪૩ એજન્સી લાયસન્સ ધરાવે છે. તે એજન્સીઓના માલિકોનો સંપર્ક કરી તેમના સિકયુરીટીમેનને જરૂરી માર્ગદર્શન આપી વધુ સક્રિય કરવાની કાર્યવાહી કરવી. વધુમાં આંગડીયા સર્વિસ ઓફીસોમાં પણ આ જ રીતે કાર્યવાહી કરવી જરૂરી જણાય છે તથા આંગડીયા સર્વિસવાળા વધુ હથિયારધારી માણસો રાખે અને સિકયુરીટી દ્રષ્ટિથી સંપૂર્ણ સક્રિય રહે તે પ્રમાણે સૂચના આપવાની રહેશે.

(૧૭) ભાડુઆતના રેકર્ડ રાખવા માટે અમુક શહેરોમાં નોટીફીકેશન બહાર પાડવામાં આવેલ છે તે નોટીફીકેશન તમામ શહેરો અને જિલ્લાઓની નગરપાલિકા વિસ્તાર માટે બહાર પાડવાની કાર્યવાહી કરવી. તમામ ભાડુઆતના રેકર્ડ પોલીસ સ્ટેશન કક્ષાએ ઉપલબ્ધ રહે તે રીતની કાર્યવાહી કરવી. ભાડુઆતના રેકર્ડ બ્રોકર જે તે પો.સ્ટે. માં રજૂ કરે તેવી જોગવાઇ નોટીફીકેશનમાં કરવાથી સારી રીતે અમલ થશે. ગુનેગારો કે આતંકવાદીઓ મકાન રાખશે તો બ્રોકર મારફતે રાખશે તેવી શકયતા વધારે રહે છે.

(૧૮) સિનિયર સીટીઝન એકલા અથવા પતિ/પત્નિ સાથે રહેતા હોય છે. આ સિનિયર સીટીઝન ધનિક વર્ગ કે મધ્યમ વર્ગના હોય તો મિલકત વિરૂધ્ધના ગુનેગારોનો ભોગ આસાનીથી બની શકે તેમ છે. જેથી આપના પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા ધનિક વર્ગ અને મધ્યમ વર્ગના સિનિયર સીટીઝનની નોંધણી રજીસ્ટરમાં કરવી અને પોલીસ અવાર-નવાર તેમની મુલાકાત લે અને તેમને ગુનાહિત પ્રવૃત્તિ બાબતે જરૂરી સમજ આપે તથા તેમને જરૂરી મદદ પૂરી પાડવામાં આવે. તેમના ઘરઘાટી/માળીનું પોલીસ વેરીફીકેશન થાય તે રીતની કાર્યવાહી કરવી.

(૧૯) તમામ પોલીસ કમિશનરશ્રીઓ/પોલીસ અધીક્ષકશ્રીઓ તેમના વિસ્તારમાં આવેલ જેલ સત્તાવાળાઓના સંપર્કમાં રહીને સજામાંથી છૂટેલ કે પેરોલ/ફર્લો અને જામીન ઉપર છૂટેલ આરોપીઓની વિગતો દરરોજ તેમના ક્રાઇમ બ્રાન્ચના માણસને જેલમાં મોકલીને મેળવશે અને ત્યારબાદ તેમના ઉપર વોચ રાખવા જરૂરી અટકાયતી પગલાં લેવા માટે તમામ પોલીસ સ્ટેશનોને જરૂરી સૂચનાઓ આપશે.

(૨૦) દર અઠવાડિયે એક અથવા બે વખત પોલીસના માણસોને સેન્ટ્રલ જેલ/ડીસ્ટ્રીક્ટ જેલમાં મોકલવા અને અગાઉથી સંકલન કર્યા મુજબ મિલકત વિરૂધ્ધના ગુનેગારોની મુલાકાત પોલીસ ટીમના માણસો લેશે, કે જેથી આ ગુનેગારોની ઓળખથી તમામ પોલીસના માણસો પરિચીત રહે. દર અઠવાડિયે આશરે ૨૦ પોલીસના માણસો વારાફરતી મોકલવા અને ૧૦ થી ૧૫ જેટલા મિલકત વિરૂધ્ધના ગુનેગારોને હાજર રાખવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવશો.

(૨૧) પોલીસ અધીક્ષકશ્રીઓ અને વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ સેન્ટ્રલ જેલ/ડીસ્ટ્રીક્ટ જેલ/સબ જેલની મુલાકાત જેલ સત્તાવાળાઓના સંપર્કમાં રહીને અવારનવાર લેશે અને ત્યાંની સુરક્ષા વ્યવસ્થાથી માહિતગાર થશે. જયાં સબ જેલની સુરક્ષા વ્યવસ્થા અથવા બાંધકામ નબળું હોય તો તે અંગે જરૂરી કાર્યવાહી કરશે. નબળા બાંધકામ કે જેથી કેદીઓને નાસી જવાની તક મળે એવા હોય તો સબ જેલ બંધ કરાવી નજીકના તાલુકાની સબ જેલમાં કેદીઓને મોકલવા તજવીજ કરશે. મિલકત વિરૂધ્ધના ગુનેગારો એક વખત નાસી જાય તો આસાનથી મળી આવતા નથી. જેથી આ બાબતે તકેદારી રાખવી.

ઉપરોક્ત તમામ બાબતોમાં રેન્જના વડાશ્રીઓ અને પોલીસ કમિશનરશ્રીઓ મોનીટરીંગ રાખશે અને અમલવારી કરાવશે. દર માસે રેન્જના વડાશ્રીઓ તરફથી મુદ્દાસર અહેવાલ ૧૦ મી તારીખ સુધીમાં અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ) ને

મોકલવામાં આવશે. અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ) મોનીટરીંગમાં સરળતા રહે તેના માટે અહેવાલ માટે પ્રફોર્મા નિયત કરી શકે છે. જેની જાણ તમામ યુનિટોને કરશે. અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ) માસના અંત સુધીમાં તેમનો મોનીટરીંગ અહેવાલ અત્રેની કચેરીને પાઠવશે.

ઉપરોક્ત હુકમોની અમલવારી તા. ૧-૯-૨૦૦૯ થી પૂરેપૂરી કરવી અને મોનીટરીંગ અહેવાલ ઓક્ટોબર-૨૦૦૯ થી મોકલવા શરૂ કરવા સૂચના આપવામાં આવે છે.

**(એસ. એસ. ખંડવાવાલા)**
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારી, ગુ. રા., ગાંધીનગર

પ્રતિ

- તમામ પોલીસ કમિશનરશ્રીઓ
- તમામ રેન્જ વડાશ્રીઓ.
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ (વે. રેલવે, વડોદરા સહિત)

**નકલ રવાના (જાણ સારૂ):**
- તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ
- તમામ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ.
- તમામ નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ.
- રેકર્ડ શાખા, અત્રેની કચેરી

૨- સ્થાયી હુકમ/પરિપત્ર/ઠરાવની ફાઇલમાં રાખવા સારૂ.

૩. આ સ્થાયી હુકમની નકલ તમામ પો. સ્ટે./શાખા/ચોકી/આઉટ પોસ્ટમાં સરક્યુલેટ કરીને તેની નકલ પહોંચની અવેજમાં અત્રેની કચેરીને મોકલવા સૂચના છે.

**(સુધીર સિન્હા)**
અધિક પોલીસ મહાનિદેશક
(કાયદો અને વ્યવસ્થા), ગુ. રા., ગાંધીનગર

31.8.09